BUSINESS મિત્ર

ક્રુડમાં નરમાઇ અને શોર્ટ કવરીંગથી સેન્સેક્સમાં 325 પોઇન્ટનો ઉછાળો; IT શેરોમાં તેજી

યુદ્ધ વિરામના સંકેતે બજારમાં રિકવરી: નિફ્ટી 23100ની ઉપર બંધ

શેરબજારમાં શરૂઆતી ઉછાળો છતાં રોકાણકારો છેલ્લે હળવા થતા જોવાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 20: ગઇકાલે ઇરાન અને ઇઝરાયેલ દ્વારા ગેસ ફીલ્ડના હુમલાના લીધે ભારે કડાકો બોલાયા બાદ આજે સપ્તાહના છેલ્લા દિવસે યુદ્ધ વિરામ થવાના અહેવાલની પાછળ ક્રુડ ઓઇલના ભાવમાં થોડીક નરમાઇ અને વૈશ્વિક હકારાત્મક સંકેતોની અસર જોવા મળી હતી. આ ઉપરાંત ભારતીય શેરબજારમાં શોર્ટ કવરીંગ થયું હતું, જેના લીધે નીચલા સ્તરેથી સુધારો જોવાયો હતો. જોકે, શરૂઆતી ઉછાળો છેલ્લે માત્ર સુધારો જ રહ્યો હતો. હજુય રોકાણકારોને યુદ્ધ વિરામ પર વિશ્વાસ નથી, જેથી દરેક ઉછાળે હળવા થતા જોવા મળી રહ્યા છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષમાં યુદ્ધ સમાપ્ત થવાનું આશાનું કિરણ જોવા મળી રહ્યું છે અને હવે ઓઇલ તથા ગેસ ફીલ્ડ પર વધુ હુમલા નહીં થાય, તેમજ ટ્રમ્પે કહ્યું કે, સૈનિકોને જમીન પર મોકલવામાં આવશે નહીં, જેની શેરબજારમાં પોઝિટિવ અસર રહી હતી અને નિફ્ટી 23100 પોઇન્ટની ઉપર બંધ થવામાં સફળ રહી હતી. આજે શેરબજારમાં રિલાયન્સ ઇન્ડ.એ આગેવાની લીધી હતી. બીજી તરફ, હજુય એચડીએફસી બેન્કમાં વેચવાલી હાવી રહેતા બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 325.72 પોઇન્ટ એટલે કે 0.44 ટકા વધીને 74532.96 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં 75286 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74385 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 112.35 પોઇન્ટ એટલે કે 0.49 ટકા વધીને 23114.50 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23345 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23067 પોઇન્ટ સુધી ઘટી હતી. ગઇકાલે નિફ્ટીએ 23000 પોઇન્ટની સપાટી તોડી હતી, જે આજે 23100 પોઇન્ટ સુધી બંધ રહી હતી. બેન્ક નિફ્ટી 239.5 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 53427.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે બ્રેઇનબીસ સોલ્યુશન્સમાં 8.65 ગણા, ટીબીઓ ટેક 7.83 ગણા, મેટ્રોપોલીસ હેલ્થકેરમાં 3.36 ગણા, સીમેન્સ એનર્જી 3.17 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે બ્રેઇનબીસ સોલ્યુશન્સમાં 33.87 ગણા, સુંદરમ ફાસ્ટનર્સમાં 15.71 ગણા, જીએમડીસીમાં 11.32 ગણા, મેટ્રોપોલીસ હેલ્થકેરમાં 6.29 ગણા અને આદિત્ય બિરલા ફેશન્સ 5.46 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.66 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.47 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2454 શેરો વધ્યા હતા, જ્યારે 1814 શેરો ઘટયા હતા અને 164 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 2.17 ટકા સુધર્યો હતો. જેમાં ઓરેકલ ફાઇ. સર્વિસીસ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, એમફાસીસ, વિપ્રો, એચસીએલ ટેકનો, ટીસીએસ અને એલટીઆઇ માઇન્ડ્ટ્રી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો લાલ નિશાનમાં ખુલ્યા બાદ પોઝિટિવ ચાલી રહ્યા છે, મધ્યસ્થ બેન્કોએ ટાંકેલા સુચનોનું મુલ્યાંકનની અસર હતી.

સેન્સેક્સ	325.77	74532.96
નિફ્ટી	112.35	23114.50
બેન્ક નિફ્ટી	-23.95	53427.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
જેએસડબ્લ્યુ સ્ટીલ	3.42	1189.60
ટેક મહિન્દ્રા	3.30	1384.80
ટાટા સ્ટીલ	3.29	196.77
કોલ ઇન્ડિયા	3.07	468.15
ઇન્ફોસીસ	2.88	1255.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	2.54	874.25
એચડીએફસી બેન્ક	2.22	780.45
એચડીએફસી લાઇફ	1.55	623.65
ઓએનજીસી	1.37	265.40
શ્રીરામ ફાઇનાન્સ	1.18	938.60

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	3.23	196.70
ટેક મહિન્દ્રા	3.01	1380.05
ઇન્ફોસીસ	2.78	1254.60
ટ્રેન્ટ	2.41	3565.35
રિલાયન્સ	2.11	1414.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચડીએફસી બેન્ક	2.41	780.45
બીઇએલ	1.10	426.05
કોટક બેન્ક	0.57	365.85
ICICI બેન્ક	0.42	1245.55
ઇન્ટરગ્લોબ એવીએશન	0.22	4147.90

ઇતિહાસમાં પ્રથમ વખત રૂપિયો 93ની ઐતિહાસિક નીચી સપાટીએ

ગઇકાલે કરન્સી બજાર બંધ રહ્યા બાદ આજે કરન્સી બજાર ખુલતાની સાથે જ 93ની ઉપર ખુલ્યો હતો, જે ગઇકાલે ખાનગીમાં જ 93ની સપાટી કુદાવી દીધી હતી, જે આજે નવી નીચી ઐતિહાસિક સપાટી બનાવી હતી. ઇતિહાસમાં પ્રથમ વખત રૂપિયો તૂટીને 93ની ઉપર બોલાયો હતો અને છેલ્લે 94 તરફ ઝડપી આગેકૂચ કરતો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 1.07 તૂટીને 93.71ના સ્તરે બંધ રહ્યો હતો. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 92.64ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.96, પાઉન્ડ 124.94, કેનેડિયન ડોલર 68.40, ઓસ્ટ્રેલિયન ડોલર 66.53 અને જાપાનીઝ યેન 0.5909 તથા સીંગાપોર ડોલર 73.21ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	93.71 રૂ.
યુરો	108.96 રૂ.
પાઉન્ડ	124.94 રૂ.
યેન	0.5908 રૂ.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૯૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૯૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૦૫૦૦
તેજાબી સોનું	૧૫૦૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૨૯૭૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૭૪૮૦
સોનાનાં બિસ્કીટ	૧૫૦૫૦૦૦
ચાંદી (૯૯૯)	૨૩૨૦૦૦
ચાંદી સિક્કા	૨૩૩૫૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૧૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬ ''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/ક્રેપ	૧૮૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો	૧૨૦	૭૫ ક્રિમ્પ	૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર	૧૨૯	૮૦ ક્રિમ્પ	૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્ક્રેટ	૧૨૯	૮૦/૭૨ રોટો	૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૧૬

ઓટો શેરોમાં 10થી 15 ટકાનો ઘટાડો આવી શકે: સીએલએસએ

આ ઘટાડાનો લાભ લઇ રોકાણ કરનારાને લાભ થશે

મુંબઇ, તા. 20: મિડલ ઇસ્ટમાં ચાલી રહેલા તણાવની ઓટો સેક્ટરના શેર પર નકારાત્મક અસર પડી છે. માર્ચ 2026માં ફ્ટી ઓટો ઇન્ડેક્સ અત્યાર સુધીમાં લગભગ 13 ટકા ઘટ્યો છે, જે એકંદર બજાર કરતાં ઘણો મોટો ઘટાડો છે, જ્યાં નિફ્ટી સમાન સમયગાળામાં લગભગ 9 ટકા ઘટ્યો છે. સીએલએસએ કહે છે કે મધ્ય પૂર્વની કટોકટીને કારણે સપ્લાય ચેઇનની સમસ્યાઓથી ઉત્પાદનને અસર થવાની ધારણા છે. ઉપરાંત, વૈશ્વિક તણાવને કારણે, કાચા માલના ભાવ ઝડપથી વધી રહ્યા છે, જેના કારણે ખર્ચમાં વધારો થઇ રહ્યો છે, જેથી માર્જિન દબાણમાં રહેશે. જેના લીધે ઓટો કંપનીના શેરો દબાણમાં આવી શકે છે.

સીએલએસએએ ઘણી ઓટો કંપનીઓ માટે તેની લક્ષ્ય કિંમત અને નફાના અંદાજમાં ઘટાડો કર્યો છે. તેમાં અશોક લેલેન્ડ, બજાજ ઓટો, આઇશર મોટર્સ, એસ્કોર્ટ્સ કુબોટા, હીરો મોટોકોર્પ, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ સુઝુકી, ટાટા મોટર્સ કોમર્શિયલ વ્હીકલ્સ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને ટીવીએસ મોટર કંપનીનો સમાવેશ થાય છે.

યુદ્ધના માહોલમાં ત્રણ કંપની પ્રમોટર્સ દ્વારા હિસ્સો વધારાયો

ઇલેક્ટ્રોસ્ટીલ કાસ્ટિંગ્સ, IOL કેમિકલ્સ અને ગેલેન્ટ સ્ટીલમાં હિસ્સો વધતા ભાવ ઉછળ્યા

મુંબઇ, તા. 20: ઇરાન-ઇઝરાયેલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધથી તણાવનો માહોલ છે અને ક્રુડના ભાવ આસમાને જઇ રહ્યા છે. જેની સીધી અસર શેરબજારમાં જોવા મળી રહી છે. આ ખરાબ માહોલ વચ્ચે ત્રણ કંપનીના પ્રમોટર્સ દ્વારા પોતાની કંપનીમાં હિસ્સો વધારવામાં આવી રહ્યો છે. જે અહેવાલના પગલે આજે આ ત્રણેય કંપનીઓના શેરોમાં ઉછાળો આવ્યો હતો. આ ત્રણેય કંપનીમાં આઇઓએલ કેમિકલ્સ, ઇલેક્ટ્રોસ્ટીલ કાસ્ટીંગ્સ અને ગેલેન્ટ સ્ટીલનો સમાવેશ થાય છે. જેમાં ઇલેક્ટ્રોસ્ટીલ કાસ્ટીંગ્સમાં પ્રમોટસ જુથ દ્વારા 2.05 કરોડ શેરો ખરીદ્યા છે. જેની કિંમત રૂ. 143.74 કરોડની થાય છે. જે કુલ શેરહોલ્ડીંગના લગભગ 3.32 ટકા છે. આ અહેવાલના પગલે આજે ઇલે. કાસ્ટીંગ્સ 8 ટકા જેટલો ઉછળ્યો હતો. આ જ પ્રમાણે આઇઓએલ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સમાં પ્રમોટર્સ કંપની એનસીવીઆઇ એન્ટરપ્રાઇઝ લિ.એ 16.20 ટકા હિસ્સો ખરીદ્યો છે. જે 4.75 કરોડથી વધુ શેર થાય છે. આ સમાચારના પગલે આઇઓએલ કેમિકલ્સમાં 4 ટકાથી વધુનો ઉછઆળો આવ્યો હતો. જ્યારે ગેલેન્ટ સ્ટીલમાં પ્રમોટર જુથ કંપની ચંદ્રપ્રકાશ અગ્રવાલ એચયુએફએ 54.18 લાખ શેર વેચ્યા હતા, જે ચંદ્રપ્રકાશ અગ્રવાલે ખરીદ્યા છે.

બાય બેકનો નફો હવે મૂડી-નફો ગણાશે

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદ્લાલ

1-4-2026 થી યાને કે ટેક્ષ વર્ષ 2026-27 થી હવે શેર્સના બાય-બેકના આવેજની રકમ કે જે હાલ સુધી ડિમ્ડ ડિવિડન્ડ (Deemed Dividend) ગણવામાં આવતી હતી તેને સ્થાને હવે નીચે મુજબ નવી આકારણી પધ્ધતિ અમલી બની છે. શેર્સ કંપની દ્વારા બાય-બેક સ્વરૂપે પાછા લઇ લેવામાં આવે એટલે એને મૂડી નુકશાન ગણવામાં આવતું હતું જે અન્ય મૂડી-નફા સામે સેટ-ઓફ મળતું હતું તેને પણ હવે જાકારો મળી ગયો છે.

શું છે નવો નિયમ ?

હાલ જે ધારણા સમય (Holding Period) લીસ્ટેડ શેર્સ માટે 1 વર્ષ અને અનલીસ્ટેડ શેર્સ માટે 2 વર્ષ છે તે ચાલુ રાખવામાં આવ્યો છે અને વ્યકિતગત (કંપની સિવાયના) કેઇસોમાં લાંબા ગાળાનો મૂડી નફો (LTCG) 12.5 ટકા અને ટૂંકા ગાળાનો મૂડી નફો STCG 20 ટકાના દરે કરપાત્ર રહેશે જયારે ડોમેસ્ટીક કંપનીનો લાંબા ગાળાન નફો અને ટૂંકા ગાળાનો નફો 22 ટકા રેઇટથી કરપાત્ર થશે. વધારાના ટેક્ષનો સિધ્ધાંત લાવવામાં આવ્યો છે જયારે પ્રમોટર્સના આવા ટૂંકા અને લાંબા ગાળાના નફા ઉપરનો કેપિટલ ગેઇન ટેક્ષ 30 ટકા કરવામાં આવ્યો છે.

પ્રમોટર્સ કોણ ?

કંપની એકટની વ્યાખ્યા કલમ-2(69) મુજબ પ્રમોટર્સ કે જેનું નામ પ્રોસ્પેકટસ (Prospectud) કે કંપનીના વાર્ષિક રીટર્નમાં હોય, જેનો કંપનીના સંચાલન પર નિયંત્રણ હોય, જેની સૂચનાઓ બોર્ડ ઓફ ડિરેકટર્સને બંધનકર્તા હોય અને કંપનીના શેર હોલ્ડીંગમાં 10 ટકાથી વધારે હિસ્સો હોય.

હાલની જોગવાઇ અને નવી જોગવાઇ

હાલની જોગવાઇમાં બાય-બેકને ડિમ્ડ ડિવિડન્ડ ગણવામાં આવતા પ્રમોટર્સને 35.88 ટકા (30+15+5) જેટલો ટેક્ષ લાગી શકે છે. કલમ-46 A માં કરદાતાના શેર્સની પડતર કિંમત જેટલી નુકશાની સેટ ઓફ માટે રહેતી હતી.

* અગાઉ ડિમ્ડ ડિવિડન્ડ આવક તરીકે ગણાતો કુલ આવક ઉપર કલમ-87A મુજબ રીબેટ મળવાપાત્ર હતુ. પરંતુ હવે નવી ટેક્ષ સીસ્ટમ મુજબ 12 લાખથી ઓછી આવક હોય અને એમાં ઉપરોકત બાય-બેકની કેપિટલ ગેઇન આવક હોય તો તેના ઉપર રીબેટ મળવા પાત્ર નથી.

* પ્રારંભિક 1,25,000 ની નાન કપાત બાદ મળવાપાત્ર રહેવા અંગે સંદેહ છે કારણ કે પ્રમોટર્સને વધારાનો ટેક્ષ લાગે છે આ સિવાયનાને આ પ્રારંભિક લાભ ચાલુ રહેશે.

* નોન- રેસીડન્ટ માટે ટેક્ષ રેઇટ 20 ટકા છે એટલે બાય-બેકનો રસ્તો બંધ થાય છે.

* ઓછી કિંમતે બાય-બેક અંગે કલમ-50 CA મુજબ વ્યાજબી બજાર કિંમત અંગે વિવાદ રહેશે.

* સ્ટોક ઇન ટ્રેડ તરીકે બાય-બેક ડિવિડન્ડ ગણનારાઓએ હવે ધંધાકિય નફા તરીકે નવા પ્રાવધાન મુજબ ગણતરી કરવી પડશે.

ડિવિડન્ડ સામે ખર્ચા બાદ નહિ

ઇન્કમટેક્ષ એકટ 2025 ની કલમ-93 મુજબ અને હાલમાં પણ વ્યાજ, બેંકર કમિશન વિગેરે ડિવિડન્ડ અને મ્યુ. ફંડની આવકમાંથી 20 ટકા લેખે માન્ય કપાત તરીકે બાદ મળે છે. પરંતુ હવે આવો ખર્ચ બાદ મળશે નહિ. આ અંગે કોઇ કારણ આપવામાં આવ્યુ નથી. જો કે સુપ્રિમ કોર્ટે S. A Builders માં વેપારી સુવિધાના (Comercial Expedancy)ના સિધ્ધાંતને ધ્યાનમાં લઇને લોનનું વ્યાજ બાદ મળવા અંગે હજુ ચૂકાદાનો આધાર લઇ શકાય.

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૨૩/૦૩/૨૦૨૬, સોમવાર : મોમાઇ કોમ્પલેક્ષ (પી.કે. રોડ), ઓલ ઇન્ડિયા રેડીઓ (FM) (HT)
- ૨૪/૦૩/૨૦૨૬, મંગળવાર: બોમ્બે માર્કેટ નં.૪ (ઉમરવાડા), જી સ્ટેશન (પી.કે.રોડ), તાપી તૃપ્તિ ઇન્ડ. નં.૨
- ૨૫/૦૩/૨૦૨૬, બુધવાર : સાંઇરામ માર્કેટ (રીંગ રોડ), અભિનંદન માર્કેટ નં.૧
- ૨૬/૦૩/૨૦૨૬, ગુરૂવાર : વી/૩ (વેડ રોડ), કહાન ફલિયા (કતારગામ), શેઠવાલા (વેડ રોડ)
- ૨૭/૦૩/૨૦૨૬, શુક્રવાર : આદમની વાડી, કાયસ્થની વાડી (ગોપીપુરા), આંબેડકર નગર (આંજણા), પ્રકાશ (આદર્શ સોસાયટી)
- ૨૮/૦૩/૨૦૨૬, શનિવાર : નિલકંઠ ઇન્ડ. નં.૮ (વેડ રોડ), ફટાકડાવાડી ઇન્ડ. નં.૪

અસુવિધા બદલ દિલગીર છીએ

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070

આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031.
ટેલિફોનઃ 91-44-45644000, ફેક્સઃ 91-44-45644022

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરે મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે . તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	ઉધારકર્તા અને સહ-ઉધારકર્તાના નામ	સેક્શન 13(2) નોટિસની તારીખ	સેક્શન 13(2) નોટિસ મુજબ બાકી રકમ
1	26691082	હોમ લોન	1. ભગવતી પ્રસાદ પરીક 2. દ્રોપદી પારીક	07.03.2026	INR 3,89,668.74/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, પ્લોટ નં. 32 ના પરિસરમાં, જેનું ક્ષેત્રફળ આશરે 46.84 Sq. Meters છે. તેની સાથે સોસાયટીમાં રોડ અને COP માટેની જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો જેનું ક્ષેત્રફળ આશરે 44.96 Sq. Meters છે. આ મિલકત "જલારામ રેસીડેન્સી વિભાગ-1" તરીકે ઓળખાતી સોસાયટીમાં આવેલી છે. જે રેવન્યુ સર્વે નં. 324, બ્લોક નં. 346, ગામઃ કુડસદ, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત-394540 પર આવેલી છે. સીમાઓઃ પૂર્વઃ સોસાયટી રોડ પશ્ચિમઃ પ્લોટ નં. 37, ઉત્તરઃ પ્લોટ નં. 33, દક્ષિણઃ પ્લોટ નં. 31				
2	147045724	હોમ લોન	1. શભાસંત કુમાર 2. પૂજા દેવી	03.03.2026	INR 10,19,101.53/-
	મિલકતનું સરનામું : સ્થાવર મિલકતના તમામ ભાગ, જેનો પ્લોટ નં. 576 છે, જેનું ક્ષેત્રફળ 48.06 Sq. Yard એટલે કે 40.18 Sq.mts. થાય છે. તેની સાથે સોસાયટી રોડ અને C.O.P. ની જમીનમાં 25.76 Sq.mts. નો અવિભાજિત હિસ્સો છે, જે કુલ મળીને 65.94 Sq. Mts. થાય છે. આ મિલકત "મહેક રેસીડેન્સી - 2" માં આવેલી છે. જે બિન-ખેતીની જમીન બ્લોક નં. 285 પર સ્થિત છે, જે 7/12 મુજબ He. Are. 5-35-20 Sq.mts. એટલે કે 53520 Sq.mts. ક્ષેત્રફળ ધરાવે છે. મોજે ગામઃ સિવાન, પેટા-જિલ્લો અને તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત-394130. સીમાઓઃ ઉત્તરઃ બાજુનો પ્લોટ નં. 549 દક્ષિણઃ સોસાયટીનો આંતરિક રોડ, પૂર્વઃ બાજુનો પ્લોટ નં. 577 પશ્ચિમઃ બાજુનો પ્લોટ નં. 575				

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરે મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)

તારીખઃ 21-3-2026
સ્થળઃ સુરત, ગુજરાત

સુડોકુ - 'કૃતિ'

૮		૯			૫	૧	૩	૬
૭	૧	૫	૪	૩	૬			
		૨	૧		૮	૫	૪	૭
૫		૮	૯					૪
૩					૨			૮
	૯	૧	૮	૬		૭	૫	૨
	૮	૬			૧			૫
૧	૫	૪	૨				૭	૩
	૭			૫	૪		૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૩	૭	૨	૫	૫	૬	૩	૯
૬	૭	૩	૩	૭	૨	૨	૫	૭
૫	૫	૨	૬	૭	૩	૬	૩	૭
૩	૩	૬	૫	૨	૭	૭	૨	૫
૭	૬	૩	૨	૨	૫	૭	૬	૩
૨	૫	૬	૭	૩	૬	૩	૭	૨
૩	૭	૨	૬	૬	૩	૫	૨	૭
૭	૩	૫	૩	૬	૭	૨